

# માઇક્રોફાઇનાન્સ પલ્સ

વોલ્યૂમ XI – જાન્યુઆરી 2022

## વિશ્લેષણાત્મક સંપર્ક

### ઇક્વીફેક્સ

કિરણ સમુદ્રલા
વીપી -વિશ્લેષક
kiran.samudrala@equifax.com

શ્રુતિ જોષી
એવીપી - વિશ્લેષક
shruti.joshi@equifax.com

વંદના પંચાલ
વરિષ્ઠ કારોબારી વિશ્લેષક
vandana.panchal@equifax.com

### સીડબી

ચંદ્રશેખર થાનવી
સીજીએમ - એમપીઆઈવી – ઇરડા
erdav@sidbi.in

રંગદાસ પ્રભાવતી
ડીજીએમ - એમપીઆઈવી - ઇરડા
erdav@sidbi.in

રમેશ કુમાર
પ્રબંધક- એમપીઆઈવી - ઇરડા
rameshk@sidbi.in

## અનુક્રમણિકા


કાર્યકારી સારાંશ 04

સંક્ષેપાક્ષરો અને શબ્દાવલી 05

માઇક્રોફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીની ઝાંખી 06

વિતરણ ના વલણો 09

ઇન્ડસ્ટ્રીના જોખમની રૂપરેખા 12

ભૌગોલિક સંપર્ક સૂત્ર 14

રાજ્યનો વ્યાપક પ્રોફાઈલ : મધ્યપ્રદેશ 17

મહત્વાકાંક્ષી જિલ્લાઓ 22

વાર્ષિકધોરણે માઇક્રોફાઇનાન્સ ઈન્ડસ્ટ્રીનું પ્રદર્શન 24

**કાર્યકારી સારાંશ**

માઇક્રોફાઇનાન્સ ઈન્ડસ્ટ્રીના પલ્સની ૧૧મી આવૃત્તિના રિપોર્ટમાં સેપ્ટેમ્બર ૨૦૨૧ સુધીના સમયગાળામાં પુરી પાડવામાં આવેલી માહિતીના આધારે માઇક્રોફાઇનાન્સ ઈન્ડસ્ટ્રીના વિકાસનો સ્નેપશોટ રજુ કરવામાં આવ્યો છે.

૩૦ સેપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજે માઇક્રોફાઇનાન્સ ઈન્ડસ્ટ્રીની બુક સાઈઝ રૂપિયા ૨,૨૬,૧૨૩ કરોડ હતી. બેંક્સ એસએફબીઝ અને એનબીએફસીઝ-એમએફઆઇઝનો વિતરણ કરેલી રકમમાં ફાળો ૯૫% અને બાકી લેણાંમાં ફાળો ૯૦% હતો. જૂન ૨૦૨૧ થી સેપ્ટેમ્બર ૨૦૨૧ ના સમયગાળામાં માઇક્રોફાઇનાન્સ ઈન્ડસ્ટ્રીઝે ૨% નો વિકાસ હાંસલ કર્યો હતો. સેપ્ટેમ્બર ૨૦૨૦ થી સેપ્ટેમ્બર ૨૦૨૧ ના સમયગાળામાં એનબીએફસીઝ-એમએફઆઇઝનો વિકાસ દર ૧૪% હતો જયારે જૂન ૨૦૨૧ થી સેપ્ટેમ્બર ૨૦૨૧ ના ત્રિમાસિક ગાળામાં આ વિકાસ દર ૧૦% હતો. જૂન ૨૦૨૧ થી સેપ્ટેમ્બર ૨૦૨૧ ના સમયગાળામાં બેંકોના બાકી લેણાંમાં ૩% નો ઘટાડો નોંધવામાં આવ્યો હતો.

જેએએસ'૨૦ થી જેએએસ'૨૧ માં લોન વિતરણમાં ૯૪% વધારો નોંધવામાં આવ્યો હતો અને તે જ સમયગાળામાં લોન વિતરણની રકમમાં ૯૬% નો વધારો નોંધવામાં આવ્યો હતો. ૩૦કે થી ૪૦કે ની ટિકટ સાઈઝમાં સૌથી વધારે લોનો વિતરિત કરવામાં આવેલ હતી અને દરેક ત્રિમાસિકની વાત કરીએ તો જેએએસ'૨૦ થી જેએએસ'૨૧ માંએવરેજ ટિકટ સાઈઝમાં ૧% નો વધારો નોંધવામાં આવ્યો હતો.

જૂન' ૨૧ ની સામે સેપ્ટેમ્બર' ૨૧ માં અશિષ્ટતાની દરેક બકેટમાં ઘટાડો નોંધવામાં આવ્યો હતો. ૬૦-૮૯ દિવસની બકેટમાં જૂન ૨૦૨૧ ની ત્રિમાસિક સિવાય સૌથી ઓછી અશિષ્ટતા જોવામાં આવી હતી.

બાકી લેણાંમાં ૨૯,૩૩૫ કરોડના પોર્ટફોલિયો સાથે તામિલનાડુ અગ્રસ્થાને છે જે કુલ બાકી લેણાંના પોર્ટફોલિયોમાં ૧૩% હિસ્સો ધરાવે છે. ૩૦ સેપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજે મોખરાના ૫ રાજ્યોમાં તામિલનાડુ, પશ્ચિમ બંગાળ, બિહાર, કર્ણાટક અને ઉત્તરપ્રદેશનો સમાવેશ થાય છે. ટોચના ૫ રાજ્યોની, ૯૦+ ની અશિષ્ટતામાં પશ્ચિમ બંગાળની અશિષ્ટતા ઇન્ડસ્ટ્રી કરતા વધારે છે.

મધ્યપ્રદેશને વ્યાપક સ્ટેટ પ્રોફાઈલ તરીકે રજુ કરવામાં આવ્યું છે. ૩૦ સેપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજે મધ્યપ્રદેશનું પોર્ટફોલીઓનું બાકી લેણું ૧૩,૯૨૦ કરોડ હતું. પોર્ટફોલિયોના બાકી લેણાંમાં એનબીએફસીઝ-એમએફઆઇઝ અગ્રક્રમે હતા તે પછીના ક્રમે બેંકો આવે છે. જેએએસ ૨૧ માં મધ્યપ્રદેશમાં ૪,૩૪૦ કરોડ રૂપિયાની લોનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. રાજ્યના એવરેજ ટિકટ સાઈઝના પ્રમાણમાં એનબીએફસીઝ-એમએફઆઇઝ અને બેંકોની ટિકટ સાઈઝ વધારે હતી. માઈક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીની અશિષ્ટતા કરતા મધ્યપ્રદેશની ૯૦+ ની અશિષ્ટતા વધારે હતી.

આ આવૃત્તિમાં માઈક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીના વિકાસનું વર્ષાન્તરે મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. માર્ચ ૨૦૨૦ માં રાષ્ટ્રીય સ્તરે લોક-ડાઉન જાહેર થવાના લીધે વિકાસ ધીમો રહ્યો છે. ઓક્ટોબર ૨૦૧૯ થી સેપ્ટેમ્બર ૨૦૨૦ ના સમય ગાળામાં લોન ઉપ્લબ્ધત્તામાં અનુક્રમે વોલ્યુમમાં ૨૮% અને વેલ્યુ (કિંમતમાં) ૨૪% ઓક્ટોબર ૨૦૧૮ થી સેપ્ટેમ્બર ૨૦૧૯ સંકોચન જોવા મળ્યું છે. જોકે માઈક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રી હવે વિકાસના પાટા પાર પાછી ફરી છે અને અનુક્રમે વોલ્યુમમાં ૩૫% અને વેલ્યુ (કિંમતમાં) ૩૭% વિકાસ સેપ્ટેમ્બર ૨૦૨૧ ની સરખામણીમાં ઓક્ટોબર ૨૦૨૦ માં નોંધાયો છે.

## સંક્ષેપાક્ષરો અને શબ્દાવલી

- એ.ટી.એસ (એવરેજ ટિકટ સાઈઝ) = વિતરણ કરેલી લોન / લોન ના આંકડા
- ડીપીડી = બાકી લેણાના દિવસો
- ચાલુ દેવાદારો અથવા દેવાદારો અથવા એક્ટિવ લોન્સ = ૦ થી ૧૭૯ ડીપીડી + નવા ખાતા + ચાલુ ખાતા
- એમ એફ આઈ = માઈક્રો ફાઇનાન્સ સંસ્થા
- પીઓએસ = બાકી પોર્ટફોલિયો
- યુટી = યુનિયન ટેરિટોરી
- મહત્વાકાંક્ષી જિલ્લાઓ (એડી) - જિલ્લાઓની (હાલની સંખ્યા ૧૧૭ છે) નીતિ આયોગ / ભારત સરકાર દ્વારા સુધારા અને માનવ વિકાસ ઈન્ડેક્સ ને ઊંચું લાવવા માટે જાન્યુઆરી ૨૦૧૮ માં ઓળખવામાં આવ્યા છે કે જે માનવ સ્વાસ્થ્ય, પોષણ, ભણતર, કૃષિ અને જળ સંસાધનો, વિત્તીય સમાવેશન, કામગાર કુશળતા અને મૂળભૂત માળખું (ઇન્ફ્રાસ્ટ્રક્ટચર) ના સંયુક્ત સુચનનાંકોને આવરી લેવામાં આવ્યા છે.
- ૧ - ૧૭૯ = ૧ થી ૧૭૯ ડીપીડી / ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૧ - ૨૯ = ૧ થી ૨૯ ડીપીડી /ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૩૦-૫૯ = ૩૦ થી ૫૯ ડીપીડી /ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૬૦- ૮૯ = ૬૦ થી ૮૯ ડીપીડી /ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૯૦- ૧૭૯ = ૯૦ થી ૧૭૯ ડીપીડી /ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૩૦+ અશિષ્ટતા = ૩૦ થી ૧૭૯ ડીપીડી /ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૯૦+ અશિષ્ટતા = ૯૦ થી ૧૭૯ ડીપીડી /ચાલુ બાકી પોર્ટફોલિયો

- જેએએસ'૨૦ = જુલાઈ ૨૦૨૦ થી સેપ્ટેમ્બર ૨૦૨૦
- ઓએનડી'૨૦ = ઓક્ટોબર ૨૦૨૦ થી ડિસેમ્બર ૨૦૨૦
- જેએફએમ '૨૧ = જાન્યુઆરી ૨૦૨૧ થી માર્ચ ૨૦૨૧
- એએમ જે '૨૧ = એપ્રિલ ૨૦૨૧ થી જૂન ૨૦૨૧
- જેએએસ '૨૧ = જુલાઈ ૨૦૨૧ થી સેપ્ટેમ્બર ૨૦૨૧




# માઈક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીની ઝાંખી


# Microfinance Industry Snapshot as on 30th September 2021

| ૩૦ સેપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજનો સ્નેપશોટ | બેંક્સ | એસએફબી | એનબીએફસીઝ- એમએફઆઇઝ | એનબીએફસી | નફો ન કરતી એમએફઆઇ | ઇન્ડસ્ટ્રી નો સરવાળો |
|---|---|---|---|---|---|---|
| વિશિષ્ટએક્ટિવ દેવાદારો ('૦૦૦) | 24,779 | 12,280 | 23,348 | 6,538 | 785 | 67,730 |
| એક્ટિવ લોન ('૦૦૦) | 36,981 | 15,411 | 36,059 | 7,161 | 1,030 | 96,642 |
| પોર્ટફોલિયો (રૂકરોડમાં) | 92,725 | 36,863 | 79,932 | 14,621 | 1,982 | 226,123 |
| વિતરણ કરેલી રકમ ('કરોડ) જેએએસ '૨૧ | 27,439 | 12,037 | 23,838 | 2,866 | 501 | 66,681 |
| એવરેજ ટિકટ સાઇઝ જેએએસ '૨૧ | 35,609 | 34,023 | 34,617 | 41,027 | 28,285 | 35,085 |
| ૩૦+ અશિષ્ટતા બાકી લેણું | 12.96% | 10.59% | 7.51% | 6.51% | 2.60% | 10.14% |
| ૯૦+ અશિષ્ટતા બાકી લેણું | 3.48% | 3.02% | 2.51% | 2.04% | 1.23% | 2.95% |


**વિશિષ્ટએક્ટિવ દેવાદારો ('000)**





**એક્ટિવ લોન્સ ('000)**




**પોર્ટફોલિયો ('કરોડ)**




**વિતરણ કરેલી રકમ ('કરોડ) જેએએસ '૨૧**




બેંક્સ　સ્ટેટ ફાયનાન્સ બોડીઝ　નોન બેન્કિંગ ફાયનાન્સિયલ કંપની - માઇક્રો ફાઇનાન્સ સંસ્થાઓ　નોન બેન્કિંગ ફાયનાન્સિયલ કંપનીઝ　નફો ન કરતી માઇક્રો ફાઇનાન્સ સંસ્થાઓ

- ૩૦ સેપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજે એમ એફ આઈની બુક સાઈઝ ૨,૨૬,૧૨૩ કરોડ હતી.
- બેંકો, એસએફબીઝ અને એનબીએફસી- એમએફઆઇઝ નો તેમાં બાકી પોર્ટફોલિઓનો ફાળો ૯૦% કરતા વધારે હતો જયારે જેએએસ'૨૧ ના ત્રિમાસિક માં વિતરણ ૯૫% ના સ્તરે કરેલ હતું.
- ઇન્ડસ્ટ્રીની ટિકટ સાઇઝ કરતા બેંકો અને એનબીએફસીઝ ની ટિકટ સાઇઝ નું પ્રમાણ ઊંચું હતું.
- ૩૦+ અને ૯૦+ ની અશિષ્ટતા એનબીએફસી- એમએફઆઇઝ, એનબીએફસી અને નફો ન કરતી એમએફઆઇઝ, ઇન્ડસ્ટ્રી ના પ્રમાણમાં ઓછી હતી.


**Note** : In MFI segment there are ~6 crore unique live borrowers. Difference in the unique number of customers is due to the customers having multiple relationships with SFBs, Banks, NBFC-MFIs, NBFCs and Not for Profit MFIs

# માઈક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીની ઝાંખી

બાકી લેણાં (' કરોડ)

| વિગત | સેપ્ટે'૨૦ | ડિસે'૨૦ | માર્ચ'૨૧ | જૂન '૨૧ | સેપ્ટે'૨૧ |
|---|---|---|---|---|---|
| બેંક્સ | 93,409 | 96,683 | 109,867 | 95,674 | 92,725 |
| એસએફબીઝ | 42,682 | 38,109 | 38,903 | 35,345 | 36,863 |
| એનબીએફસી- એમ એફ આઈઝ | 70,142 | 73,166 | 79,420 | 72,856 | 79,932 |
| એનબીએફસીઝ | 19,838 | 18,988 | 18,992 | 16,140 | 14,621 |
| નફોન રળતી એમએફઆઈઝ | 1,772 | 1,872 | 2,095 | 2,045 | 1,982 |
| ઇન્ડસ્ટ્રીનો સરવાળો | 227,843 | 228,818 | 249,277 | 222,060 | 226,123 |
| ત્રિમાસિક વિકાસનો દર % | - | 0% | 9% | -11% | 2% |

## ધિરાણ કરનારાઓ પ્રમાણે બજારમાં હિસ્સો




- માઈક્રો ફાયનાન્સ ઇન્ડસ્ટ્રીએ જૂન ૨૦૨૧ થી સેપ્ટેમ્બર ૨૦૨૧ ના ત્રિમાસિકમાં ૨% નો કિક્સ દર નોંધાવ્યો છે.
- એનબીએફસી- એમએફઆઈઝે સેપ્ટેમ્બર ૨૦૨૦ થી સેપ્ટેમ્બર ૨૦૨૧ ના વર્ષ દરમ્યાન ૧૪% વિકાસ દર નોંધાવ્યો છે અને જૂન ૨૦૨૧ થી સેપ્ટેમ્બર ૨૦૨૧ ના ત્રિમાસિકમાં ૧૦% નો વિકાસ દર નોંધાવ્યો છે.
- જૂન ૨૦૨૧ થી સેપ્ટેમ્બર ૨૦૨૧ ની ત્રિમાસિકમાં બેંકોના બાકી લેણાંમાં ૩% નો ઘટાડો નોંધવામાં આવ્યો છે.




# વિતરણના વલણો


Powering the World with knowledge ™

## સંસ્થાઓ પ્રમાણે વિતરણના વલણો

લોનના આંકડા ( લાખમાં )

| ધીરનારનો પ્રકાર | જેએએસ'૨૦ | ઓએનડી'૨૦ | જેએફએમ '૨૧ | એએમ જે '૨૧ | જેએએસ '૨૧ |
|---|---|---|---|---|---|
| બેંક્સ | 46 | 101 | 111 | 42 | 77 |
| એસએફબીઝ | 12 | 20 | 31 | 9 | 35 |
| એનબીએફસી- એમ એફ આઇઝ | 32 | 65 | 78 | 19 | 69 |
| એનબીએફસીઝ | 6 | 8 | 13 | 3 | 7 |
| નફોન રળતી એમએફઆઇ ઝ | 2 | 2 | 3 | 1 | 2 |
| ઇન્ડસ્ટ્રીનો સરવાળો | 98 | 196 | 236 | 74 | 190 |

### ધિરાણ કરનારાઓ પ્રમાણે બઝારનો હિસ્સો





- જેએએસ'૨૦ ની સરખામણીમાં જેએએસ'૨૧ માં લોન વિતરણમાં ૯૪% નો વિકાસ નોંધવામાં આવ્યો હતો જયારે જેએએસ'૨૦ ની સરખામણીમાં રકમ વિતરણમાં ૯૬% વિકાસ નોંધવામાં આવ્યો હતો.
- બેંકો અને એનબીએફસી- એમએફઆઇઝ દ્વારા દરેક ત્રિમાસિકમાં સૌથી વધુ લોન વિતરિત કરવામાં આવી હતી.
- જેએએસ'૨૦ ની સરખામણીમાં જેએએસ'૨૧ માં એસએફબીઝ દ્વારા લોન વિતરણ કરવામાં સૌથી વધુ વિકાસ નોંધવામાં આવ્યો હતો.

## ઇન્ડસ્ટ્રીમાં ટિકટ સાઈઝના વલણો

**લોન વિતરણના આંકડા (લાખમાં ))**

| ટિકટ સાઈઝ | જેએએસ'૨૦ | ઓએનડી'૨૦ | જેએફએમ '૨૧ | એએમ જે '૨૧ | જેએએસ | કુલ વૃદ્ધિ દર |
|---|---|---|---|---|---|---|
| 0k-10k | 4 | 35 | 19 | 8 | 18 | 350% |
| 10k-20k | 16 | 20 | 19 | 8 | 20 | 25% |
| 20k-30k | 18 | 32 | 40 | 12 | 33 | 83% |
| 30k-40k | 24 | 44 | 60 | 17 | 47 | 96% |
| 40k-50k | 18 | 29 | 39 | 11 | 29 | 61% |
| 50k-60k | 10 | 18 | 27 | 9 | 24 | 140% |
| 60k Plus | 8 | 18 | 32 | 9 | 19 | 138% |
| સરવાળો | 98 | 196 | 236 | 74 | 190 | 94% |
| વિતરણમાં ત્રિમાસિક વૃદ્ધિ | - | 100% | 20% | -69% | 157% | - |
| ઓલ ઇન્ડિયા એટીએસ રૂ | 34,724 | 32,174 | 38,792 | 35,781 | 35,085 | - |
| ત્રિમાસિક ધોરણે એટીએસ નો વિકાસ દર | - | -7% | 21% | -8% | -2% | - |





- બધાજ ત્રિમાસિકની વાત કરીએ તો સૌથી વધારે લોન ૩૦કે થી ૪૦કે ની શ્રેણીમાં આપવામાં આવી હતી.
- ૩૦કે થી ૫૦કે ની શ્રેણીમાં ૪૦% લોનો આપવામાં આવી હતી.
- જેએએસ'૨૦ ની સરખામણીમાં જેએએસ'૨૧ માં ૧% નો વધારો નોંધવામાં આવ્યો હતો



# ઇન્ડસ્ટ્રી – જોખમની રૂપરેખા

# બાકી લેણાંની અશિષ્ટતાના વલણો

| રિપોર્ટિંગ ત્રિમાસિક | બાકી લેણાં ૧-૨૯ દિવસ | બાકી લેણાં ૩૦- ૫૯ દિવસ | બાકી લેણાં ૬૦-૮૯ દિવસ | બાકી લેણાં ૯૦-૧૭૯ દિવસ | બાકી લેણાં ૧ -૧૭૯ દિવસ |
|---|---|---|---|---|---|
| સેપ્ટ'૨૦ | 15.35% | 3.47% | 0.39% | 0.63% | 19.84% |
| ડિસે'૨૦ | 7.50% | 4.73% | 3.49% | 4.96% | 20.68% |
| માર્ચ'૨૧ | 4.55% | 2.90% | 2.01% | 4.12% | 13.58% |
| જૂન'૨૧ | 14.90% | 10.14% | 3.38% | 3.01% | 31.43% |
| સેપ્ટ'૨૧ | 8.64% | 5.44% | 1.74% | 2.95% | 18.77% |





- જૂન ૨૦૨૧ થી સેપ્ટેમ્બર ૨૦૨૧ ની ત્રિમાસિકમાં બેંકોના બાકી લેણાંમાં 3% નો ઘટાડો નોંધવામાં આવ્યો છે.
- ૬૦-૮૯ દિવસની બકેટમાં જૂન ૨૦૨૧ સિવાય સૌથી ઓછી અશિષ્ટતા જોવા મળેલ છે.




# ભૌગોલિક સંપર્ક

## રાજ્યો / સંઘ પ્રદેશો પ્રમાણે ૩૦ સેપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજે બાકી લેણાં




- ટોચના ૧૦ રાજ્યોનો પર્ટફોલીઓના બાકી લેણાંમાં હિસ્સો ૮૨% હતો.
- રૂપિયા ૨૯,૩૩૫ કરોડ સાથે તામિલનાડુ બાકી લેણાંમાં ટોચના સ્થાને હતો, પોર્ટફોલિયોના બાકી લેણાંમાં તેનો  હિસ્સો ૧૧% હતો.
- ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજે તામિલનાડુ, પશ્ચિમ બંગાળ, બિહાર, કર્ણાટક અને ઉત્તર પ્રદેશ ટોચના ૫ રાજ્યો હતા.

# રાજ્યો / સંઘ પ્રદેશો પ્રમાણે ૩૦ સેપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજે બાકી લેણાંની અશિષ્ટતા





- ૯૦+ ની અશિષ્ટતામાં પશ્ચિમ બંગાળ ઇન્ડસ્ટ્રીમાં સૌથી મોખરે છે.
- ૯૦+ ની અશિષ્ટતામાં ઇન્ડસ્ટ્રીના પ્રમાણમાં તામિલનાડુ, બિહાર, કર્ણાટક અને ઉત્તરપ્રદેશમાં ઓછી જોવા મળેલ છે.



# મધ્યપ્રદેશ રાજ્યની વ્યાપક રૂપરેખા

# મધ્યપ્રદેશ રાજ્યની કામગીરીનું અવલોકન

| ૩૦ સેપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજે મધ્યપ્રદેશ રાજ્યની કામગીરીનું અવલોકન | બેંક્સ | એસએફબીઝ | એનબીએફસી-એમએફ આઇઝ | એનબીએફસીઝ | નફોન રળતી એમએફઆઇઝ | ઇન્ડસ્ટ્રીનો સરવાળો |
|---|---|---|---|---|---|---|
| એક્ટિવ લોન્સ ('૦૦૦) | 1,858 | 919 | 2,800 | 408 | 51 | 6,036 |
| પોર્ટફોલિયો બાકી લેણા (રૂ કરોડમાં ) | 4,277 | 2,236 | 6,552 | 766 | 89 | 13,920 |
| બાકી લેણાના પોર્ટફોલિયોમાં માર્કેટ શેર | 31% | 16% | 47% | 6% | 1% | - |
| વિતરણ કરેલી રકમ ('કરોડ) જેએએસ '૨૧ | 1,434 | 845 | 1,920 | 114 | 27 | 4,340 |
| એવરેજ ટિકટ સાઇઝ જેએએસ '૨૧ | 36,006 | 33,629 | 34,638 | 41,499 | 24,795 | 34,938 |
| ૩૦+ની અશિષ્ટતા (પીઓએસ) | 12.34% | 9.27% | 8.38% | 11.70% | 2.15% | 9.88% |
| ૯૦+ ની અશિષ્ટતા (પીઓએસ) | 3.92% | 3.56% | 2.53% | 4.44% | 0.78% | 3.22% |





- ૩૦ સેપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજે મધ્યપ્રદેશ રાજ્યના પોર્ટફોલિયોના બાકી લેણાં ૧૩,૯૨૦ કરોડના સ્તરે હતા.
- પોર્ટફોલિયોના બાકી લેણાંમાં મહત્તમ ફાળો એનબીએફસી- એમએફઆઈઝ નો હતો તે પછીના ક્રમે બેંકો આવે છે.
- જેએએસ '૨૧ ના સમય ગાળામાં મધ્યપ્રદેશમાં વિતરણ કરેલી લોનની રકમ ૪,૩૪૦ (રૂ. કરોડ) હતી.
- એનબીએફસીઝ અને બેંકોની એવરેજ ટિકટ સાઈઝ રાજ્યની સરેરાંશ ટિકટ સાઈઝ કરતા વધારે હતી.
- મધ્યપ્રદેશ રાજ્યમાં ૯૦+ ની અશિષ્ટતા એકંદરે ઇન્ડસ્ટ્રીની અશિષ્ટતા કરતા વધારે હતી.
- મધ્યપ્રદેશ રાજ્યમાં ૯૦+ ની અશિષ્ટતામાં તમામ ધિરાણકારનારાઓમાં એમએફઆઈઝે અને એનબીએફસી- એમએફઆઈઝ નિમ્ન સ્તરે હતી.

# મધ્યપ્રદેશ - ઇન્ડસ્ટ્રી ટિકટ સાઇઝનો વલણ

**No. of Loans Disbursed (in ‘000)**


| ટિકટ સાઇઝ | જેએએસ '૨૦ | ોએનડી '૨૦ | જેએફએમ '૨૧ | એએમ જે '૨૧ | જેએએસ | Y-o-Y Growth Rate |
|---|---|---|---|---|---|---|
| 0k-10k | 22 | 124 | 106 | 39 | 99 | 350% |
| 10k-20k | 81 | 77 | 108 | 32 | 113 | 40% |
| 20k-30k | 125 | 192 | 245 | 52 | 234 | 87% |
| 30k-40k | 171 | 328 | 427 | 83 | 332 | 94% |
| 40k-50k | 122 | 196 | 270 | 51 | 193 | 58% |
| 50k-60k | 80 | 160 | 185 | 41 | 162 | 103% |
| ૬૦કે+ | 51 | 113 | 171 | 33 | 107 | 110% |
| Total | 652 | 1,190 | 1,512 | 331 | 1,240 | 90% |
| ત્રિમાસિક વિતરણ નો વૃદ્ધિ દર | - | 83% | 27% | -78% | 275% | - |
| મધ્યપ્રદેશ એટીએસ(રૂ) | 35,123 | 35,410 | 37,498 | 34,747 | 34,938 | - |
| ત્રિમાસિક એટીએસ નો વૃદ્ધિ દર | - | 1% | 6% | -7% | 1% | - |




- જેએએસ'૨૦ ની સામે જેએએસ'૨૧ માં મધ્યપ્રદેશે લોનના વિતરણમાં વાર્ષિક ધોરણે ૯૦% વૃદ્ધિ દર હાંસલ કર્યો છે.
- ૨૦કે થી ૫૦ કે ની ટિકટ સાઈઝમાં ૬૦% કરતા વધારે લોનો વહેંચવામાં આવેલ છે.
- એ એમ જે'૨૧ થી જે એ એસ'૨૧ ના સમય ગાલા દરમ્યાન માધ્ય પ્રદેશે ૧% વૃદ્ધિ દર હાંસલ કર્યો છે.

## મધ્યપ્રદેશ : પોર્ટફોલિયોના વલણો


| વિગત | સેપ્ટ'૨૦ | ડિસે'૨૦ | માર્ચ'૨૧ | જૂન'૨૧ | સેપ્ટ'૨૧ |
|---|---|---|---|---|---|
| બેંક્સ | 4,181 | 4,358 | 5,052 | 4,291 | 4,277 |
| એસએફબીઝ | 2,193 | 2,115 | 2,226 | 2,012 | 2,236 |
| એનબીએફસી-એમએફ આઇઝ | 5,381 | 5,853 | 6,552 | 5,920 | 6,552 |
| એનબીએફસીઝ | 1,164 | 1,167 | 1,093 | 861 | 766 |
| નફોન રળતી એમએફઆઇઝ | 66 | 74 | 83 | 84 | 89 |
| મધ્યપ્રદેશ | 12,985 | 13,567 | 15,006 | 13,168 | 13,920 |
| ત્રિમાસિક વિકાસ દર | - | 4% | 11% | -12% | 6% |




- ૩૦ સેપ્ટેમ્બર ૨૦૨૦ થી ૩૦ સેપ્ટેમ્બર ૨૦૨૧ ના એક વર્ષના સમયગાળા દરમ્યાન મધ્યપ્રદેશના પોર્ટફોલિયોના બાકી લેણાંમાં ૭% નો વધારો નોંધાયો છે.
- દરેક ત્રિમાસિકના સમયગાળામાં ૭૦% કરતા વધારે પોર્ટફોલિયોના બાકી લેણાંમાં એનબીએફસી- એમએફઆઇઝ અને બેન્કોનો ફાળો રહ્યો છે.

## મધ્યપ્રદેશ ૯૦+ ની અશિષ્ટતાના વલણો

| વિગત | સેપ્ટે'૨૦ | ડિસે'૨૦ | માર્ચ'૨૧ | જૂન '૨૧ | સેપ્ટે'૨૧ |
|---|---|---|---|---|---|
| બેંક્સ | 0.42% | 4.25% | 3.10% | 2.50% | 3.92% |
| એસએફબીઝ | 0.20% | 4.16% | 3.26% | 2.07% | 3.56% |
| એનબીએફસી- એમ એફ આઇઝ | 0.95% | 5.67% | 2.56% | 3.51% | 2.53% |
| એનબીએફસીઝ | 0.92% | 3.01% | 7.24% | 3.24% | 4.44% |
| નફોન રળતી એમએફઆઇઝ | 1.04% | 2.44% | 1.68% | 1.06% | 0.78% |
| મધ્યપ્રદેશ | 0.65% | 4.73% | 3.18% | 2.93% | 3.22% |




- જૂન ૨૦૨૧ ના ૨.૯૩% ની સરખામણીમાં સેપ્ટેમ્બર ૨૦૨૧ માં મધ્યપ્રદેશમાં ૯૦+ ની અશિષ્ટતા ૩.૨૨% નોંધવામાં આવી છે.
- માર્ચ ૨૦૨૧ થી સેપ્ટેમ્બર ૨૦૨૧ ના સમયગાળામાં નફો ન કરતી એમએફઆઇઝ ની ૯૦+ ની અશિષ્ટતામાં ઘટાડો નોંધવામાં આવ્યો છે.


**Note** : Delinquencies calculated basis POS




# મહત્વાકાંક્ષી જિલ્લાઓ

## મહત્વાકાંક્ષી જિલ્લાઓ - સેપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજે અવલોકન

### પોર્ટફોલિયો (રૂ કરોડમાં)




### ૩૦+ ની ૯૦+ ની અશિષ્ટતા પોર્ટફોલિઓના બાકી લેણાં ધિરાણ કરનારાઓ પ્રમાણે




| Aspirational Districts Growth Particulars | December 2017 | September 2021 | Growth % |
|---|---|---|---|
| એક્ટિવ ગ્રાહકો સુધી પહોંચ ('૦૦૦) | 4,155 | 8,440 | 103% |
| વિતરણ કરેલી રકમ ('કરોડમાં) | 14,374 * | 34,595** | 141% |
| એક્ટિવ લોન્સ (;૦૦૦) | 6,925 | 13,203 | 91% |
| પોર્ટફોલિયોના બાકી લેણાં ('કરોડમાં) | 11,175 | 29,975 | 168% |
| ૩૦+ની અશિષ્ટતા | 1.54% | 7.47% | - |
| ૯૦+ ની અશિષ્ટતા | 0.75% | 2.28% | - |

- ૩૦ સેપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજે મહત્વાકાંક્ષી જિલ્લાઓના પોર્ટફોલિયોના બાકી લેણાં રૂ ૨૯,૯૭૫ કરોડ રૂપિયા હતું જેમાં ડિસેમ્બર ૨૦૧૭ થી સેપ્ટેમ્બર ૨૦૨૧ સુધીમાં ૧૬૮% નો વધારો નોંધવામાં આવ્યો હતો.
- ઓક્ટોબર ૨૦૨૦ થી સેપ્ટેમ્બર ૨૦૨૧ દરમ્યાન મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં રૂપિયા૩૪,૫૯૫ કરોડ ની લોનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- ઇન્ડસ્ટ્રીની સરખામણીમાં મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં ૩૦+ અને ૯૦+ ની અશિષ્ટતામાં બેંકો અને એસએફબીઝ મોખરે હતી.

Note : *Disbursement January 2017 to December 2017
** Disbursement October 2020 to September 2021
Delinquencies are calculated basis POS

EQUIFAX

sidbi





# વાર્ષિક ધોરણે માઈક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીની વિકાસ ગાથા


## વાર્ષિક ધોરણે વિતરણ કરવામાં આવેલી લોનનો વિકાસ

કોવીડ મહામારી અને તેના લીધે વાહનવ્યવહારમાં પડેલી અગવળોએ માઈક્રો ફાયનાન્સ ઇન્ડસ્ટ્રી પર પણ વ્યાપક અસર પાડી છે. કોવીડ -૧૯ મહામારીની અસરોનું વિશ્લેષણ માઈક્રો ફાયનાન્સ ઇન્ડસ્ટ્રી પર અને છેલ્લા ત્રણ વર્ષોમાં નાણાકીય ભંડોળ મેળવવા, પોર્ટફોલિયોના બાકી લેણાં અને અશિષ્ટતા અહીં વર્ણવવામાં આવી છે.

**વિતરણ કરેલી લોનના આંકડા (લાખમાં)**






**વિતરણ કરેલી રકમ (' કરોડમાં)**




- માર્ચ ૨૦૨૦માં જાહેર થયેલા લોક-ડાઉન ની વ્યાપક અસર માઈક્રો ફાયનાન્સ ઇન્ડસ્ટ્રી પર પણ પડી છે. ઓક્ટોબર ૨૦૧૯ થી સેપ્ટેમ્બર ૨૦૨૦ દરમ્યાન નાણાકીય ભંડોળમાં જથ્થામાં ૨૮% અને મૂલ્ય પ્રમાણે ક્રમશઃ ૨૪% સંકોચન જોવા મળેલ છે જો કે માઈક્રો ફાયનાન્સ ઇન્ડસ્ટ્રી પછી પાટા પર આવી છે અને ઓક્ટોબર ૨૦૨૦ થી સેપ્ટેમ્બર ૨૦૨૧ દરમ્યાન જથ્થા પ્રમાણે ૩૫% અને મૂલ્ય પ્રમાણે ૩૭% ક્રમશઃ વધારો જોવા મળેલ છે.
- બધા ધીરનારાઓની વાત કરીએ તો એનબીએફસીઝ સૌથી વધારે પ્રભાવિત થઇ હતી અને તેમનું વિતરણ જથ્થા પ્રમાણે ૪૦% અને કિંમત પ્રમાણે ૩૯% ઓક્ટોબર ૨૦૧૯ થી સેપ્ટેમ્બર ૨૦૨૦ ના સમય ગાળા દરમ્યાન ઘટ્યું હતું.

## વાર્ષિક ધોરણે પોર્ટફોલિયોના બાકી લેણાં અને ૯૦+ ની અશિષ્ટતા ની ચાલ








- સપ્ટેમ્બર ૨૦૧૯ થી સપ્ટેમ્બર ૨૦૨૧ દરમ્યાન એસએફબીઝ અને એનબીએફસી-એમએફઆઇઝ સિવાય ધિરાણ કરનારાઓની દરેક શ્રેણીએ સકારાત્મતક વિકાસ નોંધાવ્યો છે.
- સપ્ટેમ્બર ૨૦૨૦ થી સપ્ટેમ્બર ૨૦૨૧ દરમ્યાન વાર્ષિક ધોરણે ફક્ત એનબીએફસી-એમએફઆઇઝે સકારાત્મતાક વિકાસ નોંધાવ્યો છે.
- સપ્ટેમ્બર ૨૦૧૯ ના સમયગાળામાં બેંકોની ૯૦+ ની અશિષ્ટતા સૌથી ઓછી હતી જયારે સપ્ટેમ્બર ૨૦૨૧ માં તેની ૯૦+ ની અશિષ્ટતા, ધિરાણકારનારાઓમાં સૌથી વધારે હતી.
- સપ્ટેમ્બર ૨૦૧૯ અને સપ્ટેમ્બર ૨૦૨૦ ની સરખામણીમાં સપ્ટેમ્બર ૨૦૨૧ માં તમામ ધિરાણકારનારાઓની ૯૦+ ની અશિષ્ટતા વધારે જોવા મળી હતી.

## વાર્ષિક ધોરણે ટોચના ૧૦ રાજ્યોનો પોર્ટફોલિયોના બાકી લેણાંમાં વિકાસ

| Top 10 રાજ્ય | સપ્ટેમ્બર '૧૯ (POS ` crore) | પોજીશન 2019 | સપ્ટેમ્બર '20 (POS ` crore) | પોજીશન 2020 | સપ્ટેમ્બર '૨૧ (POS ` crore) | પોજીશન 2021 |
|---|---|---|---|---|---|---|
| તામિલનાડુ | 29,383 | 1 | 33,708 | 1 | 29,335 | 1 |
| પશ્ચિમ બંગાળ | 28,661 | 2 | 33,560 | 2 | 27,932 | 2 |
| બિહાર | 20,938 | 3 | 24,838 | 3 | 26,791 | 3 |
| કર્ણાટક | 17,244 | 4 | 17,982 | 4 | 19,566 | 4 |
| મહારાષ્ટ્ર | 13,742 | 5 | 16,717 | 5 | 16,276 | 6 ↓ |
| આસામ | 12,508 | 6 | 11,805 | 9 ↓ | 7,007 | 10 ↓ |
| ઉત્તર પ્રદેશ | 12,334 | 7 | 14,397 | 6 ↑ | 17,898 | 5 ↑ |
| ઓડિશા | 11,213 | 8 | 12,557 | 8 | 13,882 | 8 |
| મધ્યપ્રદેશ | 11,213 | 9 | 12,985 | 7 ↑ | 13,920 | 7 ↑ |
| કેરળ | 8,042 | 10 | 9,271 | 10 | 9,302 | 9 ↑ |

### ટોચના ૧૦ રાજ્યોની ૯૦+ ની અશિષ્ટતા ની ચાલ




- ❒ તામિલનાડુ, પશ્ચિમ બંગાળ, બિહાર, કર્ણાટક અને ઓડિશાએ સમાન પરિસ્થિતિ જાળવી રાખી છે.
- ❒ સેપ્ટેમ્બર ૨૦૧૯ ના ૬ઠા ક્રમેથી આસામ સપ્ટેમ્બર ૨૦૨૦માં ૯માં ક્રમે અને સપ્ટેમ્બર ૨૦૨૧માં ૧૦માં ક્રમે પહોંચી ગયું છે.
- ❒ મધ્યપ્રદેશ સેપ્ટેમ્બર ૨૦૧૯ ની સામે સપ્ટેમ્બર ૨૦૨૦ ૭માં ક્રમેઆવ્યું છે અને હજી સપ્ટેમ્બર ૨૦૨૧માં પણ તે પરિસ્થિતિ જાળવી રાખી છે.
- ❒ સપ્ટેમ્બર ૨૦૧૯ ની સરખામણીમાં સપ્ટેમ્બર ૨૦૨૧માં ટોચના દરેક રાજ્યની ૯૦+ ની અશિષ્ટતામાં વધારો જોવા મળેલ છે.

**Note :** Top 10 States identified basis September 2019 POS
90+ delinquency for September 2020 and September 2021 is compared with September 2019.
If 90+ delinquency is higher than the September 2019 then the state is colored in Red otherwise Green.

## સીડબી વિશે

ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેન્કની સ્થાપના પાર્લામેન્ટ માં કાયદો પસાર કરીને ૧૯૯૦ માં કરવામાં આવી હતી. સીડબીને મુખ્ય નાણાકીય સંસ્થા તરીકે સેવા કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે અને ત્રિપાંખિયા કાર્યસૂચિ પ્રમાણે સૂક્ષ્મ, નાના અને મધ્યમ (એમએસએમઈ સેક્ટર) એકમોના પ્રસાર, વિકાસ અને નાણાકીય સવલતો પુરી પાડવાની જવાબદારી સોંપવામાં આવી છે અને આવીજ સમાન કાર્યપ્રણાલી સાથે જોડાયેલી સંસ્થાઓ સાથે સંકલન કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. છેલ્લા ઘણા વર્ષોથી વિવિધ નાણાકીય અને વિકાસના પગલાં લઈને બેંકે અનેક સ્તરે સમાજના લોકોના જીવનમાં ઉજાસ પાથર્યો છે, આખા એમએસએમઈ સ્પેક્ટ્રમ અને એકમો પર છાપ છોડી છે, એમએસએમઇ ઇકોસિસ્ટમની નામાંકિત સંસ્થાઓ સાથે જોડાયેલી રહી છે.

વિઝન ૨.૦ અંતર્ગત સીડબીએ એમએસએમઈ સેક્ટરના ઉત્થાન અને ચળવળમાં અગ્રણી ભૂમિકા ભજવી છે અને એમએસએમઈ સેક્ટરની અસમપ્રમાણતા માટે એમએસએમઈ પલ્સ, એમએસએમઈના સ્વાસ્થ્યની દેખરેખ માટે એમએસએમઈઝ અને ક્રિસિડેક્સ, એમએસઇના સેન્ટિમેન્ટ્સ અને મહત્વાકાંક્ષાઓની માપણી માટે, ઇન્ડસ્ટ્રી સ્પોટલાઇટ, એક સમાવેશી રિપોર્ટ ઇન્ડસ્ટ્રીના ધિરાણ કરનારાઓ માટે ફિનટેક પલ્સ અને એમએસએમઈ પલ્સ સિવાય જમા રાશિની આંતરિક બાબતો જેવીકે ફિનટેક ધિરાણ પ્રભાગ જેવી પહેલ કરેલ છે.

## માઇક્રો ફાઇનાન્સમાં સીડબીનું મહત્વ

સીડબીએ માઇક્રો ફાઇનાન્સ ચળવળના ઉત્થાન અને સમાવેશી ફાઇનાન્સ ની યોજનાને આગળ ધપાવવાંમાં અગ્રણી ભૂમિકા ભજવી છે. બેંકો દ્વારા ૩૧ માર્ચ ૨૦૨૧ સુધીમાં માઇક્રો ફાઇનાન્સ સંચિત સહાયની પહેલના ભાગરૂપે કુલ રૂ ૨૦,૫૬૮ કરોડનું વિતરણ કરેલ છે જેના વડે અંદાજે ૪ કરોડ એકમોને લાભ મળ્યો છે. એમએફઆઇઝને મૂડી અને દેવાની સહાય આ સંસ્થાઓને આપવામાં આવતા કેપેસીટી બનાવવા અને વધારવા માટેનો મદદ કરવી, કોર્પોરેટ આધારિત સંચાલન અને અનુપાલન જેવી વિચારણાઓને આત્મસાત કરવામાં આવી છે. આના સિવાય માઇક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીને હાથ પકડીને તેની નાજુક શરૂઆતની અવસ્થામાંથી એક સંપૂર્ણ ઇન્ડસ્ટ્રી તરીકે વિકસાવવા અને પરાકાષ્ઠા સુધી પહોંચાડવામાં અમારા ૮ મહત્વના ભાગીદારો છે જેમાં એમએફઆઇઝ એસએફબીઝ / યુનિવરસલ બેન્કોનો મહત્વનો ફાળો છે. અગત્યની ભૂમિકાની શરૂઆતના ભાગરૂપે નાની નાની લોનો અને સૂક્ષ્મ ધિરાણ સીધે સીધું સીડબી દ્વારા ( ભાગીદારી વ્યવસ્થા થકી ) માર્કર રેટ કરતા ઘણા નીચા વ્યાજ દરે સીડબી દ્વારા પૂરું પાડવામાં આવે છે. આવા પ્રયાસોના ભાગરૂપે પિરામિડના નીચલા સ્તરના એકમોને બેંકો દ્વારા નાની ટિકટ સાઇઝની ૫૦,૦૦૦ થી લઈને ૫,૦૦,૦૦૦ લાખ સુધીની લોન પાર્ટનરશીપ મોડેલના ઓથા હેઠળ બજારના દરો કરતા પ્રમાણમાં નીચા દરે પુરી પાડવામાં આવે છે.

## ઇક્વિફેક્સ વિશે

ઇક્વિફેક્સ એક વૈશ્વિક, માહિતીના ઉકેલ આપતી કંપની છે જે આધારભૂત માહિતી નું આગવીરીતે પ્રથથકરણ કરે છે અને સંસ્થાઓને અને વ્યક્તિગતોને આખી દુનિયામાં તકનીક અને કુશળતા પુરી પાડે છે, તેઓ જાણકારી અને આંતરદ્રષ્ટિ વડે વ્યવસાયના નિર્ણયો લેવામાં વધારે માહિતગાર કરે છે.

ઇક્વિફેક્સનું હેડક્વાટર એટલાન્ટામાં Ga આવેલું છે તેઓ નોર્થ અમેરિકાના, સેન્ટ્રલ અને સાઉથ અમેરિકા, યુરોપ અને એશિયા અને પેસિફિક વિસ્તારના ૨૪ દેશોમાં કામ કરે છે અને નિવેશ કરે છે. તેઓ સ્ટાન્ડર્ડ અને પૂઅર્સ (એસ એન્ડ પી) ૫૦૦ ના સદસ્ય છે અને આના સંયુક્ત શેરનું ઈએફએક્સ ના નામ હેઠળ ન્યુયોર્ક સ્ટોક એક્સચેન્જ પર ખરીદ વેચાણ થાય છે. ઇક્વિફેક્સમાં વૈશ્વિક સ્તરે ૧૧,૦૦૦ કર્મચારીઓ કામ કરે છે, તેમનો ધિરાણમાં ૧૨૦ વર્ષ કરતા વધારે સમયનો વારસો છે, વર્ષ ૨૦૧૦ માં ઇક્વિફેક્સ એ ભારતના બઝારમાં પોતાની નોંધ લેવડાવી હતી અને આરબીઆઇએ તેઓને સીઆઇસી તરીકે કામ કરવાનું લાયસન્સ આપ્યું હતું. છેલલા ૯ વર્ષોમાં ક્રેડિટ બ્યુરોમાં ૪૦૦૦ કરતા વધારે સભ્યો નોંધાયા છે જેમાં બેન્ક, એનબીએફસીઝ એમએફઆઇઝ અને વીમા કરનારાઓનો સમાવેશ થાય છે. આ સભ્યો લાખો ભારતીય ઉપભોક્તાઓની પેસા પરત કરવાની ટેવોની માહિતી પુરી પાડે છે. વર્ષ ૨૦૧૪ માં ઇક્વિફેક્સએ વધારે આગળ વધીને ઇક્વિફેક્સ એનાલિટિક પ્રાઇવેટ લિ નું સંપાદન કરીને પગરણ માંડ્યા છે, ઇક્વિફેક્સ એનાલિટિક તે ઇક્વિફેક્સની સંપૂર્ણ માલીકીનું અને વિશ્લેષણ કરતુ એકમ છે જે અતુલ્ય અને વૈવિધ્યસભર માહિતીનું પ્રથથકરણ આપે છે જેના લીધે વ્યવસાયના પ્રદર્શન અને ઉપભોક્તાની જીવનશેલીમાં સમૃદ્ધિ આવે છે.

અસ્વીકરણ
માઈક્રો ફાઇનાન્સ પલ્સ નો (રિપોર્ટ) ઇકવીફેક્સ ક્રેડિટ ઇન્ફોરમેશન સર્વિસેસ પ્રાઇવેટ લી, (ઇક્વિફેક્સ) દ્વારા ઉપલબ્ધ માહિતીના આધારે તૈયાર કરવામાં આવ્યો છે. જે ઉપભોક્તા આ માહિતીને સ્વીકારે છે અને ઉપયોગમાં લે છે તે આ અસ્વીકરણ થી બંધાયેલા છે. આ રિપોર્ટ માર્ચ ૨૦૨૧ ના દિવસે સભાસદ સંસ્થાઓ દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતીના આધારે ઇકવીફેક્સ દ્વારા તૈયાર કરવાં આવ્યો છે અત્રે એ ઉમેરવું નિહાયત જરૂરી છે કે રિપોર્ટ બનાવતી વખતે ઇકવીફેક્સ પૂરતી કાળજી લે છે, તે આંકડાની ચોકસાઈ, ભૂલો અને અવગણના માટે અને માઈક્રો ફાઇનાન્સ સંસ્થાઓ દ્વારા પુરી પાડવામાં આવેલી અધૂરી અને અપૂરતી માહિતી માટે જવાબદાર ન ઠેરવી શકાય. વધુમાં ઇકવીફેક્સ રિપોર્ટમાં વર્ણવેલી માહિતીની પર્યાપ્તતા અને સંપૂર્ણતા માટે અથવા કોઈ વિશિષ્ટ હેતુના ઉપયોગ માટે સ્પષ્ટ રીતે જવાબદાર ના ઠેરવી શકાય. ઇકવીફેક્સના આ રિપોર્ટના આધારે કોઈ પણ રીતે કોઈ પણ પ્રકારની અરજીની અસ્વીકૃતિ માટેની ભલામણ / સ્વીકરણ / અવગણના માટે માહિતીના આધારે, જવાબદાર ગણી શકાશે નહિ. (૧) કોઈ પણ ધિરાણ કરવું કે ન કરવું અને (૨) લાગતાં વળગતા વ્યક્તિ કે સંસ્થા સાથે કોઈ પણ નાણાકીય વ્યવહાર કરવો કે ન કરવો તેની ભલામણ માટે નથી. આ રિપોર્ટમાં આવરી લેવામાં આવેલી માહિતી કોઈ પણ પ્રકારની સલાહ નથી, ઉપયોગકર્તાએ આ માહિતીના આધારે નિર્ણય લેતા પહેલા પોતાની જાતે માહિતીનું પ્રથથકરણ પોતાની સમજદારી પ્રમાણે કરવું આ રિપોર્ટનું સંચાલન ધી ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ રૂલ્સ અધિનિયમ (નિયમન) ૨૦૦૫, ધી ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ અધિનિયમ ૨૦૦૬, ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ રૂલ્સ ૨૦૦૬. પૂર્વ પરવાનગી વિના આ રિપોર્ટનો કોઈ પણ અંશ / ભાગ પ્રસારિત કે પ્રકાશિત કરી શકાશે નહીં આ રિપોર્ટનું સંચાલન ધી ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ રૂલ્સ અધિનિયમ (નિયમન) ૨૦૦૫, ધી ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ અધિનિયમ ૨૦૦૬, ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ રૂલ્સ ૨૦૦૬. પૂર્વ પરવાનગી વિના આ રિપોર્ટનો કોઈ પણ અંશ / ભાગ પ્રસારિત કે પ્રકાશિત કરી શકાશે નહીં

**CONTACT DETAILS**


સમ્પર્કમાટેની માહિતી
ઇકવીફેક્સ ક્રેડિટ ઇન્ફર્મેશન સર્વિસીઝ પ્રાઇવેટ લિ.
યુનિટ નં, ૯૩૧, ત્રીજો માળ, બિલ્ડીંગ નં ૯,
સોલિટેર કોર્પોરેટ પાર્ક, અંધેરી ઘાટકોપર લિંક રોડ,
અંધેરી (પૂર્વ) મુંબઇ - ૪૦૦ ૦૯૩
ટોલ ફ્રી નં : ૧૮૦૦ ૨૦૯૩૨૪૭
ecissupport@equifax.com

ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેન્ક
સ્વાવલંબન ભવન, પ્લોટ નં. સી -૧૧, 'જી ' બ્લોક,
બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (પૂર્વ)
મુંબઇ - ૪૦૦ ૦૫૧ મહારાષ્ટ્ર
ટોલ ફ્રી નં : ૧૮૦૦ ૨૨૬૭૫૩

www.sidbi.in/en

Toll Free No.: 1800 226753


Copyright © 2022, Equifax Inc., Atlanta, Georgia. All rights reserved. Equifax is a registered trademarks of Equifax Inc.